**પેજ નં.૫**

**સોગંદ આપ્યા.....**

**અરજદાર મમતાબેન જીજ્ઞેશકુમાર સોનગ્રાની આંક–૧૩ની સરતપાસ લગત સામાવાળા તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી ડી.જે. નાકરાણી**

(૧) મે બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. મે અત્યાર સુધી કયાંય પણ નોકરી કરેલ નથી. એ વાત ખરી નથી કે હું નોકરી કરવા માટે સક્ષમ છું. હું હાલ સ્વામીનારાયણ નગર, હળવદ મુકામે રહું છું. મારા લગ્નની તા.૧૬/૦૫/૨૦૨૧ છે. એ વાત ખરી છે કે હું લગ્નજીવનમાં સુખી હતી. એ વાત ખરી નથી કે સામાવાળા મને સારી રીતે રાખતા હતા. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૧ મને ઘણી વખત ફરવા લઈ ગયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૩ થી ૪ વખત લઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૧ મને સમય આપતા હતા. એ વાત ખરી છે કે મારે જયારે પીયર જવું હોય ત્યારે સામાવાળા નં. ૧ મને મુકવા આવતા હતા. એ વાત ખરી નથી કે મારી અને સામાવાળા નં.૧ ની મરજીથી બાળક રાખેલું. મે સૌ પ્રથમ મારી ગર્ભાવસ્થાની જાણ મારા પતિને કરેલી. એ વાત ખરી નથી કે મારી ગર્ભાવસ્થાની વાત જાણીને મારા પતિ તથા સાસરીયા ખુશ થયેલા. એ વાત ખરી છે કે હું મારી માતાના ઘરે આવી ત્યારે સામાવાળા મને મુકવા આવેલા. એ વાત ખરી નથી કે હું મારી મરજીથી મારા પીયરમાં ગયેલી. એ વાત ખરી નથી કે હું કહું તેમ થાય તેવો મારો સ્વભાવ છે. એ વાત ખરી છે કે હું તથા મારા સાસુ,સસરા ઉપર નીચે રહીએ છીએ. એ વાત ખરી નથી કે હું સંયુકત પરીવારમાં રહેવા માંગતી ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા સસરાએ અમારે તમારી સાથે રહેવું નથી તેવું કહેલું. એ વાત ખરી નથી કે હું પીયર ગયેલ ત્યારે સામાવાળાનું સોનુ હું સાથે લઈ ગયેલ. મને તા.૫/૮/૨૫ના રોજ બીજીવાર મુકવા આવ્યા ત્યારે સામાવાળા નં. ૧ નું સોનુ બેગમાં હતું. એ વાત ખરી છે કે હું લગ્નજીવન દરમ્યાન સામાવાળા નં. ૧ સાથે ઘરના ઘરમાં રહેતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે ભાડુ ચુકવતા હતા. એ વાત ખરી નથી કે હું મારા પતિને સામાવાળા નં. ૨,૩ ને પૈસા ન આપવા જણાવતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું સામાવાળા નં. ૨,૩ને મારા પૈસા ન આપવા મારા પતિને કહેતી હતી. એ વાત ખરી નથી કે હું મારા પતિને મારા પતિના માતા પિતા તથા ભાઈને તેઓના હપ્તા ભરવા માટે પૈસા ન આપવાનું જણાવતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું સામાવાળા નં. ૨,૩ તથા ૪ને મારા પૈસા ન આપવા મારા પતિને કહેતી હતી. હવે હું જણાવું છું કે મારા સાસુ,સસરાને હપ્તા ભરવાના હતા જ નહીં. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૧ ને પ્રેમસંબંધ હોવા અંગેનું મારી અરજીમાં દર્શાવલ છે તેવું દર્શાવતો મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૧ના એ મારા ભાઈ પાસેથી દોઢ લાખ રુપીયા લીધેલાનું મે અરજીમાં દર્શાવેલ છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે માઈક્રો લેબોરેટરી તથા શિવમ લેબોરેટરીની માલીકી દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે શિવમ લેબોરેટરી ભાડેથી ચલાવતા હતા. મને એ વાતની જાણ નથી કે શિવમ લેબોરેટરી દોઢ વર્ષથી બંધ છે. એ વાત ખરી છે કે માઈક્રો લેબોરેટરી લોન પર લીધેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લોન અંગેના પૈસા ત્રણ લાખ રુપીયા મારા ભાઈએ આપેલા. એ વાત ખરી છે કે મારા સ્વર્ગસ્થ પિતાજી એસ.આર.પી. કેમ્પમાં સરકારી નોકરી કરતા હતા. મારા પિતાજીનું અવસાન તા. ૯/૭/૨૦૨૦ના રોજ થયેલું. એ વાત ખરી છે કે મારા પિતાજીનું ત્રીસ હજારની આજુબાજુ પેન્શન આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાત વર્ષ પછી અડધી રકમ થઈ ગઈ છે. મને સાત વર્ષ

પછી અડધી રકમ થઈ જાય છે તેવી બાબત મારી માતાએ જણાવેલી. મારે મારી સાથે કુલ ૩ ભાઈ બહેનો છીએ તેમાંથી એક મરણ ગયેલ હોય હાલમાં અમે ૨ ભાઈ બહેન છીએ. મારા ભાઈનું અવસાનનું કારણ મારો ભાઈ ગેમ રમતો હતો તેમાં તેણે સ્યુસાઈડ કરેલું. એ વાત ખરી નથી કે અમારે જમીન આવેલી છે. અમારા પીયરમાં અમારું ઘરનું ઘર છે ભાડે રહેતા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લોન ચાલુ છે. એ વાત ખરી નથી કે મે હાલની ઘરેલું હીંસાની અરજી કરેલ હોવાથી સામાવાળાને ધંધામાં નુકશાની થયેલ છે. એ વાત ખરી નથી કે હું મારી મરજીથી પીયર ગયેલ છું. એ વાત ખરી છે કે હું સામાવાળાની ગેરવર્તુણકના કારણે પીયર ગયેલ છું . સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સામાવાળા મને મુકવા આવેલા. એ વાત ખરી છે કે મે પીયર ગયા બાદ બે મહીના પછી સામાવાળાને સોરી કહી માફી માંગેલી. તેનું કારણ સામાવાળા મને તેડવા આવેલા હતા અને હું ગયેલી નહીં. એ વાત ખરી છે કે મે હાલની ઘરેલું હીંસાની અરજી દાખલ કરેલ છે તેની જાણ અમારા આખા સમાજને છે. એ વાત ખરી છે કે સામાવાળા મને હેરાન પરેશાન કરતા હોવા છતાં મે પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૨૦/૦૬/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.